# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ, સામે,ભુજ
ફોન: ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં:કેસી/સીજીઆરએફ/૨૦૨૦/ No = 11 તારીખ:

રજી. એ. ડી. દ્વારા

2 1 JAN 2020

પ્રતિશ્રી,
દિનેશ મોતીલાલ અગ્રવાલ,
અનુશક્તિ નેશનલ હાઇવેની સામે,
પટ્રોલ પંપની બાજુમાં, ભચાઉ-કચ્છ,
મોબાઇલ નંબર:-

વિષય :- કેસ નંબર પીજી ૦૩/૦૦૨/૨૦૧૯-૨૦
સંદભ:- આપની અરજી નોંધણી નં. પીજી ૦૩/૦૦૨/૨૦૧૯-૨૦

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારું.

(એસ એન વઢેનીયા)
કન્વીનર
ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ

(૧) અધિક્ષક ઈજનેર, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, અંજાર
(૨) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભચાઉ
(૩) નાયબ ઈજનેર, પીજીવીસીએલ, પેટાવિભાગીય કચેરી, ભચાઉ

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન:- ૦૨૮૩૨-૨૫૩૫૫૦ફેક્સ:- ૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં કેસી/સીજીઆરએફ/૨૦૨૦/11

તારીખ: 21/01/2020

૨૦03 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-03-002-2019-20.

| | |
|---|---|
| અરજદાર: | શ્રી દિનેશ મોતીલાલ અગ્રવાલ<br>ગામ-ભચાઉ, તા.-ભચાઉ, જિ.-કચ્છ. |
| રજૂઆત કરનાર: | અરજદાર શ્રી હાજર રહેલ નથી. |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા: | કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ,વિભાગીય કચેરી, ભચાઉ |
| રજૂઆત કરનાર: | ૧) શ્રી જે.વાય.રાવ,કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ,વિભાગીય કચેરી, ભચાઉ |

## :: કોરમ ::

૧) શ્રી સી.વી. ઠાકર, ચેરપર્સન
૨) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર
3) શ્રી કે.વી. ભટ્ટ, મેમ્બર ટેક

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હૉલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી, ભુજ. |
| તારીખ: | ૨૧/૧૨/૨૦૧૯ |

સદર કેઈસમાં સીજીઆરએફ હીયરીંગ માટે અરજદારને તા. ૨૨/૧૧/૨૦૧૯ અને તા. ૨૧/૧૨/૨૦૧૯ ના રોજ ઉપસ્થિત રહેવાની જાણ કરવામાં આવેલ. અરજદારશ્રી એકપણ તારીખે ઉપસ્થિત રહેલ નથી. પીજીવીસીએલના અધિકારીઓ તા. ૨૨/૧૧/૨૦૧૯ અને તા. ૨૧/૧૨/૨૦૧૯ના રોજ ઉપસ્થિત રહેલ છે.

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી દિનેશ મોતીલાલ અગ્રવાલ– ગામ- ભચાઉ –ભચાઉ પેટા વિભાગીય કચેરી, પીજીવીસીએલ કચેરીનુ એલ.ટી.એમ.ડી.કેટેગરીનું વિજ્જોડાણ ધરાવે છે.

૧.૧ સદર કેસની રજૂઆત નીચે મુજબ છે.

૧.૨ અરજદારશ્રી ગ્રાહક નં.૩૮૫૦૧/૦૯૨૪૯/૫ નું એલ.ટી.એમ.ટી. કેટેગરીનું વિજ્જોડાણ ધરાવે છે.

૧.૩ અરજદારશ્રીની લેખિત રજુઆતમાં જણાવ્યા મુજબ સદર વિજ્જોડાણનું આઈસી ચેકીંગ કરવામાં આવેલ છે. જેનું પ્રથમ ચેકિંગ તા.૧૫/૦૫/૨૦૧૯ ના રોજ કરવામાં આવેલ હતું. જેની ચેકિંગ શીટ નં.૧૨૩૪૯ કરવામાં કરવામાં આવેલ હતું. જેમાં ચેકિંગ ઓફિસર ના એક્યુચેક ટેસ્ટ મુજબ ૫૫% સ્લોનેસ્ટ માલુમ પડેલ હતું.

૧.૪ અરજદારનશ્રીનું સદર વિજ્જોડાણનું ફરીથી ચેકીંગ થયેલ છે જે તા.૨૨/૦૫/૨૦૧૯ ના રોજ કરવામાં આવેલ છે જેની ચેકિંગ શીટ નં.૧૨૯૭૯ થી કરવામાં આવેલ હતું. જેમાં ચેકિંગ ઓફિસરના એક્યુચેક ટેસ્ટ મુજબ ૧૮.૭૨% સ્લોનેસ્ટ માલુમ પડેલ હતું.

૧.૫ અરજદારશ્રીના વીજ્જોડાણનું તા.૨૨/૦૫/૨૦૧૯ ના રોજ ચેકિંગ થયા બાદ સદર મીટર બદલાવી ને મીટરને ટેસ્ટીંગ માટે લેબમાં મોકલવામાં આવેલ. જેનું મીટર ટેસ્ટીંગ તા.૦૪/૦૫/૨૦૧૯ ના રોજ કરવામાં આવેલ.

૧.૬ અરજદારશ્રીને ઉપરોક્ત મીટર ટેસ્ટીંગના આધારે નં. બીસીએચ/લીગલ/સ્લોનેસ્ટ/૨૦૧૯/૪૯૦૧ તા- ૦૪/૦૫/૨૦૧૯ થી નોટીશ પાઠવવામાં આવેલ. જેમાં ગ્રાહકને ૫૫% સ્લોનેસ્ટનું રકમ રૂ. ૧,૫૩,૬૬૦.૫૩નું પુરવણી બિલ આપવામાં આવેલ હતું.

૧.૭ અરજદારશ્રી દ્વારા તેમની લેખિત રજુઆતમાં જણાવવામાં આવેલ છે કે તેમનું મીટર લેબમાં ચેક થયેલ છે જેમાં તેઓશ્રી હાજર રહેલ નથી. લેબમાં મીટર ચેકિંગ વખતે અરજદાર વતી વિટનેસ તરીકે કોણ હાજર રહેલ તે જણાવવું.

૧.૮ અરજદારશ્રી તેઓનું મીટર લેબમાં ચેક કરેલ છે તેના પંચનામાની નકલ, ટેસ્ટીંગ રીપોર્ટ આપવા જણાવેલ છે.

૧.૯ આમ, અરજદારશ્રી તેઓને આપવામાં આવેલ ૫૫% સ્લોનેસ્ટનું રકમ રૂ.૧,૫૩,૬૬૦.૫૩નું પુરવણીના બિલ પરત ખેચવા માટે ગ્રાહક ફરિયાદ નિવારણ સમક્ષ ન્યાય કરવા રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી દિનેશ મોતીલાલ અગ્રવાલ– ગામ- ભચાઉ –ભચાઉ પેટા વિભાગીય કચેરી, પીજીવીસીએલ કચેરીનુ એલ.ટી.એમ.ડી. કેટેગરી વિજ્જોડાણ ધરાવે છે.

૨.૧ અરજદારશ્રીના ગ્રાહક નં.૩૮૫૦૧/૦૯૨૪૯/૫ નું વીજજોડાણનું પ્રથમ ચેકિંગ તા.૧૫/૦૫/૨૦૧૯ ના રોજ ચેકિંગ શીટ નં.૧૨૩૪૯ થી કરવામાં આવેલ હતું. જેમાં ચેકિંગ ઓફિસર શ્રીના એક્યુચેક ટેસ્ટ મુજબ ૫૫ % સ્લોનેસ્ટ બતાવેલ છે જે રીમાર્કના આધારે ગ્રાહકને રકમ રૂ. ૧,૫૩,૬૬૦.૫૩ નું પુરવણી બીલ આપવમાં આવેલ હતું.

૨.૨ અરજદારશ્રીનું ઉપરોક્ત વીજજોડાણ ફરીથી વીજ ચેકીંગ શીટ નં.૧૨૯૭૯, તા.૨૧/૦૫/૨૦૧૯ ના કરવામાં આવેલ હતું. જેમાં ૧૮.૭૨% સ્લોનેસ્ટ માલુમ પડેલ હતું. તત્કાલીન નાયબ ઈજનેરશ્રી દ્વારા ચેક રીડીંગની રીમાર્ક્સના આધારે રીડીંગ બરાબર હતા. જેથી ચેકિંગ શીટ નં.૧૨૯૭૯ તા.૨૧/૦૫/૨૦૧૯નું બીલ ઇસ્યુ કરેલ નથી.

૨.૩ અરજદારશ્રીને ચેકિંગ શીટ નં.૧૨૩૪૯ થી કરવામાં આવેલ એક્યુચેક ટેસ્ટ મુજબ ૫૫% સ્લોનેસ્ટના રીમાર્કના આધારે ગ્રાહકને રકમ રૂ. ૧૫૩,૬૬૦.૫૩નું પુરવણી બીલ માન્ય રાખવામાં આવેલ હતું.

૨.૪ અરજદારશ્રીની ફરિયાદ આધારે અત્રેની કચેરી દ્વારા તા.૧૯/૧૨/૨૦૧૯ ના રોજ ગ્રાહકશ્રીના પ્રતિનીધીની હાજરીમાં અંજાર લેબમાં મીટર ને લેબ ટેસ્ટ કરવામાં આવેલ. જેમાં સદર મીટરમાં ૩૧.૯૪% સ્લોનેસ્ટ માલુમ પડેલ છે.

૨.૫ અરજદારશ્રીને તા.૧૯/૧૨/૨૦૧૯ ના સદર મીટરમાં લેબ ટેસ્ટ અન્વયે ૩૧.૯૪ % સ્લોનેસ્ટ મુજબ ગ્રાહકને તા.૨૦/૧૨/૨૦૧૯ ના રોજ રકમ રૂ.૫૯,૦૦૦.૪૨નું રીવાઈઝ પુરવણી બીલ ઇસ્યુ કરવામાં આવેલ છે. વધુમાં, લેબ રીપોર્ટમાં અન્ય કોઈ ગેરરીતી માલુમ પડેલ નથી.

૨.૬ આમ, અરજદારશ્રીને તા.૨૦/૧૨/૨૦૧૯ ના રોજ ૩૧.૯૪% સ્લોનેસ્ટનું રૂ.૫૯૦૦૦.૪૨ નું રીવાઈઝ પુરવણી બીલ ઇસ્યુ કરવામાં આવેલ છે તે વીજબીલ નિયમાનુસાર ભરવાપાત્ર થાય છે.

## :: હુકમ ::

3.0 સુનાવણી સમયે રજૂઆત કરનારની લેખિત તેમજ સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત તેમજ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાના આધારે નીચે મુજબના તારણ પર આવી શકાય.

3.૧ અરજદારશ્રી ગ્રાહક નંબર ૩૮૫૦૧/૦૯૨૪૯/૫ થી એલ.ટી.એમ.ડી.કેટેગરીનું વીજજોડાણ ધરાવે છે. જે વીજજોડાણનું પ્રથમ ચેકિંગ તા.૧૫/૦૫/૨૦૧૯ ના રોજ ચેકિંગ શીટ નં.૧૨૩૪૯ થી કરવામાં આવેલ હતું. જેમાં ચેકિંગ ઓફિસર શ્રીના એક્યુચેક ટેસ્ટ મુજબ ૫૫ % સ્લોનેસ્ટ બતાવેલ છે જે રીમાર્કના આધારે ગ્રાહકને રકમ રૂ. ૧,૫૩,૬૬૦.૫૩ નું પુરવણી બીલ આપવમાં આવેલ હતું.

3.૨ અરજદારશ્રીનું ઉપરોક્ત વીજજોડાણ ફરીથી વીજ ચેકીંગ શીટ નં.૧૨૯૭૯, તા.૨૧/૦૫/૨૦૧૯ ના કરવામાં આવેલ હતું. જેમાં ૧૮.૭૨% સ્લોનેસ્ટ માલુમ પડેલ હતું. તત્કાલીન નાયબ ઈજનેરશ્રી દ્વારા ચેક રીડીંગની રીમાર્ક્સના આધારે રીડીંગ બરાબર હતા. જેથી ચેકિંગ શીટ નં.૧૨૯૭૯ તા.૨૧/૦૫/૨૦૧૯નું બીલ ઇસ્યુ કરેલ નથી.

3.3 અરજદારશ્રીની ફરિયાદ આધારે તા.૧૯/૧૨/૨૦૧૯ ના રોજ ગ્રાહકશ્રીના પ્રતિનિધિની હાજરીમાં અંજાર લેબમાં મીટરને લેબ ટેસ્ટ કરવામાં આવેલ. જેમાં ૩૧.૯૪% સ્લોનેસ્ટ માલુમ પડેલ છે.

3.૪ અરજદારશ્રી ને તા.૨૦/૧૨/૨૦૧૯ ના રોજ થયેલ લેબ ટેસ્ટ અનુસંધાને પીજીવીસીએલ કચેરી દ્વારા આઉટ વર્ડ નં.-૧૦૫૦૭ થી રકમ રૂ.૫૯,૦૦૦.૪૨નું રીવાઈઝ પુરવણી બીલ ઇસ્યુ કરવામાં આવેલ છે. જે લેબ રીપોર્ટમાં અન્ય કોઈ ગેરરીતી માલુમ પડેલ નહી.

3.૫ અરજદારશ્રીએ અંજાર લેબમાં મીટરને લેબ ટેસ્ટ કરતા ૩૧.૯૪% સ્લોનેસ્ટ રીવાઈઝ કરેલ પુરવણી બીલ વીજબીલના નિયમ અનુસાર ભરવાપાત્ર છે.

3.૬ આમ, અરજદારશ્રીને પીજીવીસીએલ કચેરી દ્વારા લેબ ટેસ્ટ આધારે આપવામાં આવેલ પુરવણી વીજબીલ અંગે વિગતવાર ચર્ચા કરી સમજણ આપવામાં આવેલ અને અરજદારશ્રી બીલ ભરપાઈ કરવા સહમત થયેલ હતા. જે બીલ તેઓશ્રી ભરપાઈ કરી આપવાની સંમતિ આપેલ.

3.૭ આમ, અરજદારશ્રીની ફરિયાદનું નિરાકરણ પીજીવીસીએલ કચેરીએ થયેલ હોઈ અત્રેથી, કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો નથી.

3.૮ આમ, અરજદારશ્રી ની અરજી ફેંસલ કરવામાં આવે છે તથા અરજદારની ફરિયાદનો નિકાલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| કે.વી. ભટ્ટ | એન. એચ. જોષી | સી.વી. ઠાકર |
| મેમ્બર ટેક | સ્વતંત્ર મેમ્બર | ચેરપર્સન |

નોંધ:-

(૧) અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિસામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમનાસંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯